| | | | | |
|---|---|---|---|---|
| મળ્યા તારીખ | ૧૨–૦૮–૨૦૨૧ | | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૧૨–૦૮–૨૦૨૧ | | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૫–૦૫–૨૦૨૩ | | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ | |
| | | | | |

.................................................................................

**મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૧માં,મું.અમદાવાદ**

.................................................................................

**ફો.કેસ નં.૯૯૨૧૧/૨૦૨૧**

**આંક:–**

**ફરીયાદી:–** સરકારશ્રી,

(મુળ ફરીયાદી: અલ્પેશભાઈ તળજાભાઈ દેસાઈ),

**વિરુધ્ધ**

**આરોપી:–** રોહીત સ./ઓ. છકકીલાલ મનીરામ હરોલીયા,(ઉ.વ.૨૧),

રહે.હાલ મકાન નં.૭૧/૩, રાધા કૃષ્ણાનગર, લાલ બંગ્લાની સામે,

હાટકેશ્વર રોડ, અમરાઈવાડી, અમદાવાદ.

મુળ રહે.ગામ–રાનીવીરગમા તા.જી.ભીંડ,

મધ્યપ્રદેશ.

**ગુનો: આઈ.ટી.એકટની કલમ:૬૬(સી) મુજબ.**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષે | વિદવાન એ.પી.પી.શ્રી વાય.કે.વ્યાસ |
| આરોપી પક્ષે | વિદવાન વકીલશ્રી એસ.એ.પટેલ |

## -:: ચુ કા દો ::-

૧. ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા.૧૭/૦૯/૨૦૧૯ પહેલા કોઈ પણ સમયે પોતાની પાસેનાં મોબાઈલફોન ધ્વારા ઈન્ટરનેટનાં માધ્યમથી સોશીયલ સાઈટ ઈન્સટાગ્રામ ઉપર ફરીયાદીશ્રીનાં નામનું ફેક આઈ.ડી. " desai_7817 " બનાવી તેમાં પ્રોફાઈલ પીકચર તરીકે ફરીયાદીશ્રીની કોઈ પણ પ્રકારની મંજુરી વગર ફરીયાદીનો ફોટો મુકી ફરીયાદીશ્રીનાં અસલ ઈન્સટાગ્રામ આઈ.ડી. " alpesh_rayka " નાં ફ્રેન્ડ (મિત્રો)ને ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી ફ્રેન્ડ બનાવી જેમાં સ્ત્રી મિત્રની સાથે ફરીયાદીશ્રીનાં નામથી વાતચીત કરી પોતાની સાચી ઓળખ છુપાવી તા.૧૭/૦૯/૨૦૧૯ થી તા.૨૪/૧૨/૨૦૧૯ દરમ્યાનમાં ગુનો કરી **આઈ.ટી.એકટની કલમ:૬૬(સી)** મુજબ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ સરકારશ્રી તરફે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમદાવાદમાં નોંધાવતા, પોલીસ સ્ટેશનનાં અધિકારીએ ફરીયાદીની ફરીયાદ નોંધી, સદર ફરીયાદ તપાસ કરનાર અમલદારને સુપ્રત કર્યા બાદ, તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધ ફરીયાદનાં અનુસંધાને યોગ્ય તપાસ કરતાં વ્યાજબી અને પુરતો પુરાવો જણાઈ આવતાં અત્રેની અદાલત સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

૨. આ કામનાં આરોપી કોર્ટમાં હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો મળી ગયાની ખાતરી કરી આરોપી વિરુધ્ધ આંક-૦૩ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવવામાં આવેલ છે, ત્યારબાદ આંક-૦૪ થી પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ન્યાયની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૩. આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા:-**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી અલ્પેશભાઈ તળજાભાઈ દેસાઈની સોંગદ પરની જુબાની | આંક-૦૫ |

<u>દસ્તાવેજી પુરાવા:–</u>

| | | |
|---|---|---|
| ૧. | સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આપેલ લેખીત અરજી | આંક–૦૬ |
| ૨. | ફરીયાદ | આંક–૦૭ |
| ૩. | ઈન્સટાગ્રામ પ્રોફાઈલની નકલો | આંક–૦૮ |
| ૪. | ઈન્સટાગ્રામ બીઝનેશ રેકર્ડ | આંક–૦૯ |
| ૫. | સી.આર.પી.સી. ૯૧ મુજબની નોટીસ | આંક–૧૦ |
| ૬. | કોલ ડેટાને લગતી માહીતી | આંક–૧૧ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૨ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનું જણાવેલ હોય ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**૪.** સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો રજુ થઈ જતાં વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો હોય, આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં ફરીયાદપક્ષનો પુરાવો તેમની હાજરીમાં લેવાયેલની હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય તમામ હકીકતનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફેનાં વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

**૫.** ઉપરોકત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

– :: **મુદ્દા** :: –

**:૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકે છે કે, આ કામનાં આરોપીએ તા.૧૭/૦૯/૨૦૧૯ પહેલા કોઈ પણ સમયે પોતાની પાસેનાં મોબાઈલફોન ધ્વારા ઈન્ટરનેટનાં માધ્યમથી સોશીયલ સાઈટ ઈન્સટાગ્રામ ઉપર ફરીયાદીશ્રીનાં નામનું ફેક આઈ.ડી. " desai_7817 " બનાવી તેમાં પ્રોફાઈલ પીકચર તરીકે ફરીયાદીશ્રીની કોઈ પણ પ્રકારની મંજુરી વગર ફરીયાદીનો ફોટો મુકી ફરીયાદીશ્રીનાં અસલ ઈન્સટાગ્રામ આઈ.ડી. " alpesh_rayka " નાં ફ્રેન્ડ (મિત્રો)ને ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી ફ્રેન્ડ બનાવી જેમાં સ્ત્રી મિત્રની સાથે ફરીયાદીશ્રીનાં નામથી વાતચીત કરી પોતાની સાચી ઓળખ છુપાવી તા.૧૭/૦૯/૧૯ થી

તા.૨૪/૧૨/૨૦૧૯ દરમ્યાનમાં ગુનો કરી **આઈ.ટી.એકટની કલમ:૬૬(સી)** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**:૨:** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારાં નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

૧: નકારમાં,

૨: આખરી હુકમ મુજબ,

૭. ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

-: કા ર ણો :-

૮. **મુદા નં.૧ ચર્ચા :-**

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપી સામે **આઈ.ટી.એકટની કલમ:૬૬(સી)** ગુન્હાનો આક્ષેપ છે. આ કામનાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષે રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો આંક-૦૫ થી ફરીયાદી અલ્પેશભાઈ તળજાભાઈ દેસાઈને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું ફરીયાદી તેમનાં પુરાવામાં આંક-૦૬ થી રજુ થયેલ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આપેલ લેખિત અરજી તથા આંક-૦૭ થી રજુ થયેલ ફરીયાદમાં તેમની સહી સિવાય ફરીયાદ મુજબની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે તેમજ પરવાનગીથી વિગતવારની ઉલટતપાસ ફરીયાદ મુજબની હકીકતોને સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં શી બાબતની પોસ્ટ હતી તેની મને ખબર નથી. તે પોસ્ટ કોણે કરેલી અને તેમાં શું લખાણ હતુ તેની મને ખબર નથી. કોઈ પણ વ્યકિતની મોબાઈલ કે લેપટોપ તેનાં મિત્રો કે સગા સંબધીઓ વાપરતા હોય છે. મે ફરીયાદ વાંચેલી નહી માત્ર તેમાં સહી કરેલી. મારે આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. તે મુજબની હકીકતો સ્પષ્ટપણે કબુલ કરતા હોય, ફરીયાદીએ આંક-૦૬ વાળી સાયબર ક્રાઈમ

પોલીસ સ્ટેશનમાં આપેલ લેખિત અરજી તથા આંક–૦૭ થી ફરીયાદ આપવામાં આવેલ છે તે મુજબની હકીકતો ને ફરીયાદપક્ષે પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૦૮ થી ૧૧ મુજબનાં દસ્તાવેજી પુરાવા બચાવપક્ષની સમંતીથી રજુ રાખેલ છે. પરંતુ સદરહુ દસ્તાવેજોને કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુરવાર કરેલ નથી. જેથી સદર દસ્તાવેજો ને માત્ર આંક પડી જવાથી તે પુરવાર થયેલ માની શકાય નહી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૨ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય, સદરહું કામે ઉપરોકત ફરીયાદી સિવાય અન્ય કોઈ સાહેદને રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્ર પણે માનવું છે. આમ, આ કામનાં આરોપીએ **આઈ.ટી.એકટની કલમ:૬૬(સી)** મુજબ નો ગુનો કરેલ છે તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય, મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.ર પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –:: <u>આખરી હુકમ</u> ::–

– આ કામનાં આરોપી રોહીત સ./ઓ. છકકીલાલ મનીરામ હરોલીયા ને સી.આર.પી.સી. કલમ:ર૪૮(૧) અન્વયે **આઈ.ટી.એકટની કલમ:૬૬(સી)** નાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.પ૦૦૦/–(અંકે પાંચ હજાર પુરા)ની રકમનાં જામીન સહીતનો જાતમુચરકો રજુ કરવો.

– મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ અંગે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ કરી અપીલ સમય બાદ તેની શરતો રદ કરવી. જો મુદામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય બાદ મુદામાલની માલિકીની ખરાઈ કરી, તેમાં રહેલ તમામ ડેટાનો નાશ થાય તે રીતે ફેકટરી રીસ્ટોર કરી તેનાં મુળ માલિકને પરત સોંપવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૫/૦૫/૨૦૨૩
અમદાવાદ.

(મનીષ વી.ચૌહાણ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ
જજ કોડ નં. જીજે૦૧૦૧૫.

**LALJI(P.A.)**